# જાહેરનામુ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ/ઉપક/૧૪૦/૨૦૦૪. તા.૨૯/૬/૨૦૦૪.

વંચાણે લીધા :- જાહેરનામા ક્રમાંકઃ/ઉપક/૧૩૨/૨૦૦૩/તા.૧૮.૧૨.૦૩.

જાહેરનામાં ક્રમાંકઃ/ઉપક/૧૩૫/૨૦૦૪/તા.૨૫.૨.૦૪,

જાહેરનામાં ક્રમાંકઃ/ઉપક/૧૩૯/૨૦૦૪/તા.૫.૩.૦૪,

તા.૧૮.૧૨.૦૩ ના જાહેરનામા ક્રમાંકઃ/ઉપક/૧૩૨/૨૦૦૩ દ્વારા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે વાહનો સવારે કલાક ૦૯.૦૦ થી રાતના કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકે નહિ. તે અંગે આ જાહેરનામાના સમર્થનમાં/વિરોધમાં તથા સુધારા વધારા માટેના સુચનો મંગાવવામાં આવેલ આ સંબંધે નાગરીકો, સંસ્થા તથા એસોસીએશનનો તરફથી આવેલ તમામ રજુઆતો અને સુચનોને ધ્યાનમાં લઇ જાહેર જનતાના સામુહિક હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ હું કે.આર.કૌશિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં રસ્તાઓ ઘણાં સાંકડા છે અને આ સાંકડા રસ્તાઓ ઉપર ભારે વાહનોનું આડેધડ પાર્કિંગ રસ્તાઓની બન્ને બાજુ પર થાય છે જેના કારણે ટ્રાફિક પ્રવાહને ઘણી અડચણો ઉભી થાય છે ટ્રાફીક નિયમન સરળ બનાવવા માટે તેમજ પ્રદુષણના કારણે જાહેર જનતાના સ્વાસ્થ્યને થઇ રહેલ અકલ્પનીય નુકશાન, અવાજના પ્રદુષણથી મોટી ઉંમરના અથવા બિમાર વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓને થતી અસહ્ય હેરાનગતીને ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરુ છું.

<u>હુકમઃ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલા વાહનોને) સવારે કલાક ૯.૦૦ થી રાતના કલાક ૨૧.૦૦ સુધી અવર જવર કરી શકશે નહિ. તદઉપરાંત ચીમનભાઇ માર્કેટ, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ઓવર બ્રિજ, શિવરંજની ચાર રસ્તા, ૧૩૨ ફુટ રીંગ રોડ, ચિમનભાઇ પટેલ બ્રિજ સર્કલ સુધી રાત્રીના ક.૨૧.૦૦ થી સ.ક.૯.૦૦ સુધી અવર જવર કરી શકશે અને સુભાષબ્રિજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણાથી વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો રાતના ક.૨૨.૦૦ થી સ.ક. ૭.૦૦ વાગ્યા સુધી પ્રવેશ કરી શકશે તે સિવાયના કોઇપણ સમયે અવર જવર કરી શકશે નહિ.

પરંતુ આ ભારે અને મધ્યમ વાહનોને નીચેના માર્ગોનો ઉપયોગ કરવા છુટછાટ રજુઆતો ને ધ્યાનમાં લઇ આપવામાં આવે છે.

૧. જેતલપુર ઓક્ટ્રોય નાકાથી, સરખેજ ચાર રસ્તા તરફ અને વિશાલા સર્કલ થી એ.પી.એમ.સી માર્કેટ થી વાસણા ઓક્ટ્રોય નાકા સુધી આવી શકશે અને આ રોડ ઉપર અવર જવર કરી શકાશે.

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામોનો અમલ તા.૧.૭.૦૪ થી ૩૦.૯.૦૪ સુધી પ્રાયોગીક ધોરણે કરવાનો રહેશે.

આજ રોજ તા. ૨૮.૬.૦૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE AHMEDABAD CITY

(કે. આર. કૌશિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૨૮/૬/૨૦૦૪
અમદાવાદ.

નકલ સ.રવાના :-
૧. મેનેજરશ્રી. ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ર/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૮ સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૯ માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
   ર/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :
૧. અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ અને ૨. મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અ'વાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
   ર/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
૫. તમામ પો.ઇન્સ.શ્રી ______________ અમદાવાદ શહેર
   ર/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારું
૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
   ર/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.

૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૮ સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૯ માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :
૧. અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૧ અને ૨, મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અ'વાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
૫. તમામ પો.ઇન્સ.શ્રી ____________________ અમદાવાદ શહેર
૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારું
૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.

Heavy_Vehicle_Jahernamu